પરિસરીય પ્રવાસન વિકાસ ( ઈકો ટુરીઝમ ડેવલપમેન્ટ) માં ખાનગી સંચાલકોની ભાગીદારી બાબત.

PRL.C.C.F. & H.O.F.F.
G.S. GANDHINAGAR.
- 1 JUN 2012
INWARD No.
Branch

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
ક્રમાંક:વપસ/૧૦૧૨/એસએફ-૩/ડબલ્યુ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૩૧/૫/૨૦૧૨
- 1 JUN 2012

સંદર્ભ:- વન અને પર્યાવરણ વિભાગના
(૧) તા. ૧૩-૧૦-૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક: વપસ-૧૧૦૮-૬૯૨-ડબલ્યુ
(૨) તા. ૨-૩-૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક: વસપ-૧૦૧૨-એસએફ.૩-ડબલ્યુ

## -: ઠરાવ :-

અભયારણ્ય/રાષ્ટ્રીય ઉધાનોને સંલગ્ન વિસ્તારોના સ્થાનિક લોકોને આજીવિકા ઉપાર્જન માટે પ્રવાસન વિકાસમાં જોડવા માટે તેમની પરિસરીય પ્રવાસન વિકાસ સમિતિની રચના, સત્તાઓ, કાર્યો-ફરજો સુનિશ્ચિત કરવા માટે તથા ઉત્પન્ન થતી આવકની વહેંચણી માટે આમુખ ક્રમાંક: ૧(૧) માં દર્શાવેલ તા. ૧૩-૧૦-૨૦૦૮ના ઠરાવથી સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેમજ પરિસરીય પ્રવાસન વિકાસમાં ખાનગી સંચાલકોની સહભાગીદારી અંગે આમુખ ક્રમાંક: ૧(૨) માં દર્શાવેલ તા. ૨-૩-૨૦૧૨ ના ઠરાવથી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આ સૂચનાઓ હેઠળ નાયબ વન સંરક્ષકશ્રીને સંકલનકારની ભૂમિકા સોંપવામાં આવેલ છે. વન / વન્ય જીવનના કાયદાઓના નિષ્ણાત તરીકે તેનો ભંગ ન થાય તે મુજબ કામગીરી લેવાની તેઓની ફરજ છે. જે ધ્યાને લઈ અભયારણ્ય / રાષ્ટ્રીય ઉધાનો / વન જમીન / ફોરેસ્ટ રેસ્ટ હાઉસના ઉપયોગ પર આમુખ ક્રમાંક: ૧(૨) માં દર્શાવેલ તા. ૨-૩-૨૦૧૨ના ઠરાવથી જે પ્રતિબંધ મૂકવામાં આવેલ તેમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપુર્વકની વિચારણા બાદ, ઉપર્યુક્ત તા. ૨-૩-૨૦૧૨ ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ સૂચનાઓમાં આથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(૧) અભયારણ્ય/રાષ્ટ્રીય ઉધાનોની જમીનો પર ટેન્ટ નાંખી શકાશે નહીં તથા તેમાં પ્રવેશ પરમીટ લઈને કરવાનો રહેશે.

(૨) ઈકો ફેગ્રાઈલ ઝોનમાં તે ઝોનને લગતી કાયદાકીય જોગવાઈઓ અનુસાર ઈકો ટુરીઝમની પ્રવૃત્તિ થઈ શકશે.

(૩) અભયારણ્ય/રાષ્ટ્રીય ઉધાનોમાં સમાવેશ ન થતો હોય તેવી વન જમીનોમાં સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રીની અનુમતિથી કામચલાઉ ધોરણે તંબુઓ નાખવા માટે ઇકો ડેવલપમેન્ટ કમિટીને જમીન આપી શકાશે અને વન કાયદાઓનો ભંગ ન થાય તે રીતે, ઇકો ટુરિઝમની પ્રવૃત્તિ થઈ શકશે.

(૪) વન વિભાગ હસ્તકના રેસ્ટ હાઉસીસનો નિયમો મુજબ સરકારી અધિકારી ધ્વારા થતો ઉપયોગ સર્વોચ્ચ અગ્રતામાં રહેશે. આવો ઉપયોગ ન થતો હોય ત્યારે જ તેને ઈકો ટુરીઝમના ઉપયોગ માટે નિયમો મુજબ આપી શકાશે.

૨. આમુખમાં દર્શાવેલ તા. ૧૩-૧૦-૨૦૦૮ અને તા. ૨-૩-૨૦૧૨ના ઠરાવની અન્ય બાબતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પરિતોષ ક્રિશ્ચિયન)
સંયુક્ત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૨) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યપ્રાણી), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૩) ઈકો ટ્રેઈલ્સ હોસ્પિટાલીટિ પ્રા. લી., સિધ્ધિ હાઉસ, કમલદીપ એપાર્ટમેન્ટ પાછળ, લાલ બંગલો સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
(૪) સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રી (અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી-વન્યપ્રાણી, ગાંધીનગર મારફતે).
(૫) સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યા. વિભાગ,આ ઠરાવ IWDMS પર મૂકવા વિનંતી સહ.
(૬) સીલેક્ટ ફાઈલ શાખા/નાયબ સેકશન અધિકારી.